# સાધન સાપેક્ષતા

દાનની અપેક્ષાએ દાન મહાન્ છે, શિયલની અપેક્ષાએ શિયલ મહાન્ છે, તપની અપેક્ષાએ તપ મહાન્ છે, ભાવની અપેક્ષાએ ભાવ મહાન્ છે, ક્રિયાનાં સ્થાનમાં ક્રિયા મહાન્ છે અને જ્ઞાનના સ્થાનમાં જ્ઞાન મહાન્ છે. દાન, શીલ આદિ એકેક ધર્મપર્યાયગ્રાહિણી જ્ઞાનાપેક્ષાને નય કથે છે. સંપૂર્ણ ધર્મ વસ્તુના એકેક ધર્મપર્યાય ગ્રહનારી વાણીને 'નય' કહે છે. અન્યોન્ય સાપેક્ષ નયોને **સુનયો** કહે છે. દાનાદિક ધર્મો અન્યોન્ય સાપેક્ષતાએ મુક્તિપ્રદ થાય છે. નયોની અપેક્ષાને ધ્યાનમાં રાખીને સાપેક્ષ દૃષ્ટિથી મુક્તિના અસંખ્ય યોગોમાં એકેક યોગને આરાધનાર એકેક યોગે અનન્તા જીવો ભાવધર્મને લક્ષ્યગત રાખી મુક્તિએ ગયા છે.

અન્ય યોગનો તિરસ્કાર નહિ કરતાં અને જે યોગમાં પોતાની સહજ રૂચિ થતી હોય એવા એકેક યોગની આરાધના કરતાં એકેક યોગે અનંતા જીવો સિદ્ધિપદને પામ્યા છે. આવું અવગત થયા પશ્ચાત્ આત્માર્થી જ્ઞાની અનેક સાધનો પૈકી કોઈ પણ સાધનયોગનું ખંડન કરતો નથી. દરેક જીવને માન્યતામાં સર્વ નયોની એકસરખી સાપેક્ષતા રહી છે, પરંતુ સાધનપ્રવૃત્તિ એકી વખતે આદરી શકાતી નથી, તેથી અધિકારભેદે સાધનપ્રવૃત્તિમાં કોઈ ને કોઈ યોગની મુખ્યતા વર્તે છે: અને કોઇ ને કોઈ યોગની મુખ્યતા વર્તે છે તેથી ધર્મશ્રદ્ધાનમાં અને સાપેક્ષ નયબોધમાં વિરોધ ન આવવાથી એકેક યોગે અનંતા જીવો મુક્તિ પામે એમ સમ્યક્

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

અવબોધવું. ભાવરૂપ શુભ અધ્યવસાયથી હરેક યોગમાં મુક્તિ છે. આત્માનો જે યોગમાં શુભ પરિણામ વૃદ્ધિ પામે અને શુક્લ લેશ્યાની વૃદ્ધિ થાય તે યોગ વડે મુક્તિ થાય છે. માટે જ **અધ્યાત્મસાર**માં કથન કરવામાં આવ્યું છે કે—

"अपुनर्बन्धकस्यापि, या क्रिया शमसंयुता ।
चित्रा दर्शनभेदेन, धर्मविघ्नक्षयाय सा ॥"

**ભાવાર્થ**–"અપુનર્બંધક જીવના શુભ અધ્યવસાયથી જન્ય શમપરિણામે કરી યુક્ત જે ક્રિયા, તે જુદા જુદા દર્શન-ભેદવડે વિચિત્ર પ્રકારની હોવા છતાં ધર્મમાં આવતાં વિઘ્નોનો ક્ષય કરી મુક્તિપ્રદ થાય છે."

આત્માની ઉજ્વલ પરિણતી વૃદ્ધિ પામે એવું ખાસ લક્ષ્ય હોવું જોઈએ. આત્માની શુદ્ધ પરિણતિ ખરેખર જે યોગમાં પ્રવૃત્ત થવાથી વધતી જાય અને જે યોગમાં સહેજે રૂચિ તથા પ્રવૃત્તિ થાય તે યોગવડે આત્માની સત્વર મુક્તિ થાય છે. કોઈ પણ મનુષ્ય ગમે તે ધર્મક્રિયામાં પ્રવૃત્તિ કરતો હોય અને તેમાં તેના આત્માના પરિણામની ઉજ્વલતા વધતી હોય, તો તેમાંથી તેને પાછો પાડવો નહિ પણ તેમાં તેને ઉત્તેજન આપવું જોઈએ. ઓઘે પણ કોઈ બાલજીવના પરિણામ કોઈ ધર્મપ્રવૃત્તિથી વા ધર્મક્રિયાથી વધતા હોય તેમાં વિઘ્ન નાંખવું નહિ, પણ તેના પરિણામની શુદ્ધતા થાય તો તેમ તેના અધિકાર પ્રમાણે કરવું જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org